**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૯/૦૧/૨૦૧૮ મંગળવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૫૭/૧૮**

**શહેરકોટડા પોલીસ સ્ટેશન :**

## શહેરકોટડા પોલીસ સ્ટેશનના ખુનના ગુનામાં ફરીયાદીની આરોપી તરીકે ધરપકડ

ખાસ પોલીસ કમિશ્નરશ્રી, સેકટર - ૧ કે.એલ.એન.રાવ સા. તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી , ઝોન - ૩ , રાહુલ ત્રિપાઠી સા. ના માર્ગદર્શન અને મ.પો.કમિ.શ્રી, ડી ડિવિઝન શ્રી બળદેવ દેસાઇ સા. ની સુચનાથી શહેરકોટડા પોલીસ સ્ટેશનના બ્રિજેશ યાદવ ખુન કેસના ફરીયાદી છેલ્લ એક વર્ષથી ફરીયાદ બાદ ભાગી ગયેલ હોય તેની તપાસમાં શહેરકોટડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેકટર એસ.એમ.ચૌધરી નાઓ તપાસ માં હતા દરમિયાન પો.કો.કેતનકુમાર વિનુભાઇ નાઓ ને મળેલ બાતમી આધારે આ કામના ફરીયાદી વિજયસિંહ કિશનસિંહ તોમર ઉ.૨૭ રહે, મ.નં.૪૧૩/૨૦ જાલમપુરીની ચાલી સરસપુર અમદાવાદ શહેરનાને પોલીસ સ્ટેશન લાવીને રજુ કરતા ફરીયાદીની પુછપરછ કરતાં ફરીયાદીએ તેનામિત્ર રાહુલ તોમર રહે . ઓઢવ નાના કહેવાથી આ ગુનામાં મરણ જનાર બિજેશ યાદવનાને તેની મંજુરી થી છરી મારેલ અને આ ગુનામાંઅગાઉ પકડાયેલ નગેંદ્રસિંહ ધુપસિંહ રાજપુત નુ ખોટુ નામ લખાવી દીધેલાનુ કબુલાત કરેલ છે .આ રાહુલ તોમર ને નગેંદ્રસિંહ રાજપુત સાથે પૈસાની લેવડ દેવડ બાબતેનો ઝગડો ચાલતો હોઇ તેણે આ ગુનામાં મરણ જનાર બ્રિજેશ યાદવને ૨ લાખ રુપિયાની લાલચ આપીને છરી મારવા દેવા માટે તૈયાર કરેલ અને આ મરણ જનાર બ્રિજેશ યાદવની આર્થિક સ્થિતિ સારીના હોઇ અને જાન્યુઆરી ૨૦૧૭ માં તેની બહેનના લગ્ન હોવાથી અને તેની પાસે પૈસા ની વ્યવસ્થા નહોઇ તે છરી મરાવવા માટે તૈયાર થઇ ગયેલ હતો, અને અગાઉ નક્કી થયા મુજબ નગેંદ્રસિંહ રાજપુત નુ નામ આરોપી તરીકે લખાવી દીધેલ હતુ પરંતુ વિજય તોમરે મારેલ છરીથી ઇજા ધાર્યા કરતા વધુ થઇ જતાં સારવાર દરમિયાન બ્રિજેશ યાદવનુ મૃત્યુ થયેલ હતુ. અને આ ગુનામાં નાગેન્દ્રસિંહ ઉર્ફે રાજુ ધુપદસિંહ ઉ.૩૮ રહે, મ.નં.એફ.૧૪૩ પાર્શ્વનાર્થ ટા.શીપ વિ-૭ કુષ્ણનગર નવા નરોડા અમદાવાદ શહેર નાની ગુનાના કામે તા.૦૨/૦૧/૨૦૧૭ ના કલાકઃ ૨૨/૫૦ વાગે ધરપકડ કરવામાં આવેલ હતી. અને ગુનાની તપાસ દરમિયાન આરોપીના રીમાન્ડ મેળવવામાં આવેલ અને બાદ સમય મર્યાદામાં જ્યુ.કસ્ટડીમાં કેદ રહેવા સારુ મોકલી આપવામાં આવેલ હતો.

આ ગુનામાં અગાઉ ફરિયાદી અને હાલના આરોપી વિજયસીંગ કીશનસીંગ તોમરનાએ ફરિયાદી તથા મરણ જનાર તેનો મિત્ર બ્રિજશકુમાર બિહારીલાલ યાદવ નાઓ

રાજપુત એસોસીએટ નામની ગાડીઓ સીઝ કરવાની એજન્સીમા નોકરી કરતા હતા આ રાજપુત એસોસીએટ ના માલિક નાગેન્દ્રસિંહ ધુપદસિંહ રાજપુત નાઓ છે સદર એજન્સીના સંચાલક ફરિયાદી તથા મરણ જનારને મજુરી પેટેના બાકી નિકળતા પૈસા આપતા ન હોય જેના કારણે ચાર મહિના પહેલા નોકરી છોડી દિધેલી. અને ફરીયાદીના જણાવ્યા મુજબ ગઇ તા.૨૪.૧૨.૨૦૧૬ ના રાત્રીના કલાક સાડા દસ થી  અગિયાર વાગ્યાના સુમારે આ કામે મરણ જનાર બ્રિજેશ યાદવ ફરિયાદીના ઘરે જાલમપુરીની ચાલી સરસપુર ખાતે ઘરે ઉછીના પૈસા લેવા માટે રાત્રીના ફરીયાદીના જણાવ્યા મુજબ સાડા દશ અગીયાર વાગ્યાના સુમારે આવેલ અને ફરિયાદી તથા મરણજનાર બ્રિજેશ જાલમપુરીની ચાલીના નાકે અંબાલાલના કિરાણાના ગલ્લા પાસે ઉભા હતા આ વખતે એક પલ્સર બાઇક આવેલ અને બાઇકની પાછળ નાગેન્દ્રસિંહ એટેલે કે આ કામનો આરોપી બેસેલ હતો  અને બાઇક ચલાવનાર ના મોઢા ઉપર રૂમાલ બાઘેલ હતો જેથી બાઇક ચલાવનારની ઓળખ થઇ શકેલ નહીં અને આરોપી નાગેન્દ્રસિંહ બાઇક ઉપરથી ઉતરી એકદમ બ્રિજેશને ડાબા હાથના ભાગે છરીનો ઘા મારી દિધેલ અને છરીનો બીજો ઘા  પેટની જમણી બાજુ ના ભાગે મારી દિધેલ અને ત્યાર બાદ બંન્ને જણા બાઇક લઇને નાસી ગયેલ બ્રિજેશને સારવાર માટે સિવિલ હોસ્પીટલમા દાખલ કરેલ તે મતલબની ફરીયાદ આપેલ હતી.

ઉપરોક્ત ગુનાની તપાસ દરમિયાન પકડાયેલ આરોપી નાગેંદ્રસિંહ@રાજુ ધ્રુપદસિંહ રાજપુતનાની હાજરી ગુનાવાળી જગ્યાએથી ૧૫૮ કીલોમીટર જેટલી દુર હોવાનુંj જણાઇ જેથી એક જ માણસ બે જગ્યાએ એક સાથે હાજર રહી શકે તે શક્ય ન હોઇ અને આ કામના ફરીયાદીનુ વર્તન પહેલેથી જ શંકાના દાયરામાં છે અને બનાવ બન્યા બાદ ઇજા પામનાર બ્રિજેશ યાદવ ના મરણ બાદ  આ ફરીયાદી વિજયસિંહ કિશનસિંહ તોમર નાનો  ભાગી ગયેલ છે અને તપાસ એજન્સી દ્વારા વારંવાર સમન્સ કરવા છતાં મળી આવેલ નથી જેથી ફરીયાદીની ફરીયાદ જ શંકાસ્પદ જણાઇ આવેલ  તેમજ ફરીયાદી ની ફરીયાદને સમર્થન આપતા પુરાવા ગુનાવાળી જગ્યાએથી મળેલા નથી અને આ ગુનામાં ફરીયાદી ભુમિકા  શંકાસ્પદ જણાઇ આવેલ  જેથી પકડાયેલ આરોપી વિરુધ્ધ ચાર્જશીટ  કરવામાં આવેલ નહી અને આજરોજ ફરીયાદી મળી આવતાં તેણે ગુનાની કબુલાત કરેલ અને સાંયોગિક પુરાવા તેનીવિરુધ્ધના મળી આવેલ હોઇ તેની આ ગુનામાં ગઇકાલ તા.૦૮/૦૧/૨૦૧૮ ના કલાક : ૧૬/30 વાગે ધરપકડ કરવામાં આવેલ છે અને આગળની તપાસ પોલીસ ઇન્સપેકટર એસ.એમ.ચૌધરી નાઓ ચલાવી રહેલ છે.

# અમદાવાદ શહેરમા ભીડભાડ વાળી જગ્યાઓ ઉપર તથા અમદાવાદ શહેરમા પેસેન્જર રીક્ષા મા પેસેન્જર બેસાડી નજર ચુકવી ચોરી કરતી બાઇ ને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર સંયુકત પોલીસ કમિશનર ક્રાઇમ શ્રી જે.કે.ભટ્ટ સાહેબનાઓ તરફ થી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ આપેલ સુચના અનુસારનાયબ પોલીસ કમિશનર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા અધિક નાયબ પોલીસ કમિશનર શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા સાહેબે આપેલ સુચના તથા માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી ક્રાઇમ સેલના પો.ઇન્સશ્રી કે.જી.ચોધરી સા. ની રાહબરી હેઠળ ટીમ ના માણસો સાથે મળેલ બાતમી આધારે અમદાવાદ શહેર ખાતે માણેક ચોક ખાતે સોનાની બંગડી નંગ-૧ તથા સોનાની ચેઇન નંગ-૧ વેચવા જતા દાણાપીઠ ચાર રસ્તા પાસેતેજલ વા/ઓ કમલેશ ઉર્ફે અન્નો શંભુભાઇ દાતણીયા ઉવ.૨૨ રહેવાસી. ઇન્દીરાનગર ના કાચા છાપરા જીવન જયોત સોસાયટી સામે મનમોહન ચાર રસ્તા પાસે ઓઢવ અમદાવાદ શહેર નાની ને ઝડપી પાડવામા આવેલ તેઓ ના કબ્જા માથી મળી આવેલ સોનાના દાગીના બાબતે પુછ પરછ કરતા પોતે તથા તેના પતિ કમલેશ ઉર્ફે અન્નો શંભુભાઇ દંતાણી તથા તેઓ ભાઇ અજય ઉર્ફે પપ્પુ તથા તેનો મિત્ર પ્રવિણ ઉર્ફે પપ્પુ રજપુત નાઓ ભેગા મળી અમદાવાદ શહેર ભીડભાડ વાળા વિસ્તારમા ફરી લોકો ની પાસે રહેલી થેલીઓ, પર્સ મા ચીરો મારી પાકીટ ચોરી, ખીસ્સા ચોરી તથા દાગીના, મોબાઇલ ફોન, ની નજર ચુકવી ચોરી કરવા ની ટેવ ધરાવે છે. તેમજ રીક્ષા મા પેસેન્જ બેસાડી રીક્ષા મા આડશ કરી નજર ચુકવી સોનાના દાગીના ચોરી કરવા ની ટેવ ધરાવે છે.

(૧) નરોડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૧૭૧/૨૦૧૭ ઇ.પી.કો.કલમ ૩૭૯,૧૧૪ તથા

(૨) માધુપુરા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુર.નં. ૨૯૫/૧૭ ઇ.પી.કો.કલમ ૩૭૯,૧૧૪ મુજબ ના ગુના ડીટેકટ થવા પામેલ છે.

સદરહુઆરોપણ બહેન આ સિવાય

(૧) બાપુનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુર.નં. 184/17 ઇપીકો કલમ 379,114 મુજબ

(૨)ખોખરા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.18/17 ઇપીકો કલમ 379 મુજબ

(૩) મણીનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.68/17 ઇપીકો કલમ 379,114 મુજબ ના ગુન્હામા નાસતી ફરતી હોવાની કબુલાત આપેલ છે.

સદર હુ આરોપણબાઇ અગાઉ આ પ્રકાર ના નજર ચુકવી ચોરી કરવામા સને ૨૦૧૬ મા શહેરકોટડા પોલીસ સ્ટેશનમા મોબાઇલ ચોરીના ગુન્હામા પકડાયેલ છે

**<u>વાહન ચોરીના ગુનામાં છેલ્લા ૨૦ વર્ષથી નાસતા ફરતા આરોપીને સુભાષબ્રીજ સર્કલ પાસેથી ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ</u>**

આગામી પ્રજાસત્તાક દિન પર્વની ઉજવણી અન્વયે પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ નાસતા-ફરતા તથા વોન્ટેડ આરોપી પકડવા તથા પેરોલ-ફર્લો ફરારી કેદી પકડવાની ડ્રાઇવનુ આયોજન કરેલ જે ડ્રાઇવ અન્વયે અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓએ નાસતા-ફરતા આરોપીઓ તથા પેરોલ-ફર્લો ફરારી કેદીઓ શોધી કાઢવા સુચના કરેલ હોય જે આધારે પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.આર.ટંડેલ નાઓના સ્કોડના પો.સબ.ઈન્સ. શ્રી જે.પી.રોજીયા, પો.સબ.ઈન્સ. શ્રી કે.આઇ.જાડેજા, પો.સબ.ઈન્સ. શ્રી ડી.કે.ચૌધરી નાઓ ટીમના માણસો સાથે નાસતા-ફરતા આરોપીઓ તથા પેરોલ-ફર્લો ફરારી કેદીઓની શોધખોળ હાથ ધરેલ હતી.

અમદાવાદ શહેર નારણપુરા પોલીસ સ્ટેશન (૧) ફ.ગુ.ર.નં.૧૪૨/૯૭, (૨) ફ.ગુ.ર.નં.૧૮૦/૯૭, (૩) ફ.ગુ.ર.નં.૧૨૩/૯૭, (૪) ફ.ગુ.ર.નં.૪/૯૭ ઇપીકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુનાના કામનો વોન્ટેડ આરોપી રમેશભાઇ જેઠાભાઇ દરજી ઉ.વ.૫૦ રહે. હાલ. મહેસાણા. મુળ પાટણનો છેલ્લા ૨૦ વર્ષથી પોતાની ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો રહેલ હોય જે આરોપી અમદાવાદ સુભાષબ્રીજ સર્કલ ખાતે આવનાર હોવાની બાતમી મળેલ હોય જે બાતમી આધારે સ્ટાફના માણસોએ વોચ ગોઠવી જે આરોપીને તા.૯/૦૧/૨૦૧૭ ના રોજ પકડી પાડેલ છે અને આરોપીને વધુ તપાસ સારુ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ગુન્હાની તપાસના કામે સોંપવા તજવીજ કરવામાં આવેલ છે.

સદર આરોપીની પુછપરછ દરમ્યાન તે અગાઉ સન-૧૯૯૨ થી સન-૧૯૯૭ સુધી અમદાવાદ ખાતે પોતાની માલીકના મકાનમાં રહેતો હતો અને પોતાના ઘર પાસે ટુ વ્હીલર રીપેરીંગનુ ગેરેજ ધારવતો હતો તે દરમ્યાનમાં તેની સાથે વિષ્ણુ રબારી રહે. ચાણક્યપુરી તથા તેનો કોઇ મિત્ર ઠાકોર નાઓ બેસતા હતા. જે બન્ને મિત્રો મોટર સાયકલ ચોરીના ગુના કરતા હતા. જેઓ મોટર સાયકલ ચોરી કરી લાવતા તે મોટર સાયકલનુ રીપેરીંગ કામ કરી ગેરેજની આડમાં ગ્રાહકો શોધી વાહનનુ વેચાણ કરી આપતો હતો બાદ વિષ્ણુ રબારી તેના સાગરીત સાથે વાહન ચોરીના ગુનામાં પકડાઇ જતા સદરહુ આરોપી પોતાનુ મકાન વેચી તેના વતનગામ. રૂપનગર (લાખણચા) ખાતે રહેવા જતો રહેલ હતો બાદ પોલીસ તેને શોધતી હોય જેથી પોતે પરિવાર સાથે મહેસાણા પાસે ગામમાં ભાડેથી રહેવા માટે જતો રહેલ હતો જ્યાં તે પાંચેક વર્ષ સુધી ભાડેથી રહેલ હતો. બાદ ત્યાંથી મકાન ખાલી કરી હાલ છેલ્લા ત્રણ વર્ષથી વીજાપુર પાસેના ગામમાં ભાડાના મકાનમાં રહેવા ગયેલ છે. અને જ્યાં પોતે દરજી કામ કરે છે.

સદર આરોપી અગાઉ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે વાહન ચોરીના ગુનામાં પકડાઇ ચુકેલ છે.

**<u>સરખેજ પોલીસ સ્ટેશન :</u>**

સરખેજ પોલીસ સ્ટેશનના પ્રોહિ ગું.ર.નંબર ૫૩૧૨/૨૦૧૬ પ્રોહિ કલમ ૬૬(બી),૬૫(ઈ),૮૧ મુજબના કામે દેશીદારૂ ૪૬૭.૫ લીટર કિંમત રૂપિયા ૯૩૫૦/- નો જથ્થો વેચનાર નાસતો ફરતો આરોપી નામે નટુભાઈ ઉર્ફે ટીનાભાઈ ધુડાભાઈ જાતે ચુનારા ઉ.વ. ૪૦ રહે ગામ ખેપતના પરા ચુનારા વાસ વીસલપુર ગામ પાસે તા-દસ્કોઈ જીલ્લો અમદાવાદ નાનો આજદિન સુધી નાસતો ફરતો હોય જેને આજરોજ તારીખ ૯/૦૧/૨૦૧૮ ના કલાક ૧૧/૫૦ વાગે બાતમી આધારે પકડી પાડવામાં આવેલ છે.

**<u>નિકોલ પોલીસ સ્ટેશન :</u>**

અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર - ૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન- ૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી આઇ ડીવીઝન સાહેબ ના ઓ ની સુચના અને માર્ગદર્શન હેઠળ વાહનચોરી તથા છેતરપીડીના ગુનાઓ આચરતા આરોપીઓ વિરુધ્ધ પાસા હેઠળ અટકાયતી પગલા લેવા સુચના કરેલ જે આધારે અમોએ (૧)ભાવીન ઉર્ફે પીન્ટુ રમેશભાઇ પરમાર રહે.પશુજગામ તા.દસકોઇ જી.અમદાવાદ તથા (૨)જ્યોમ ઉર્ફે જુગ્નુ ઉર્ફે જ્ય શશીભુષણ પંડીત રહે.શિલ્પસૃષ્ટી ફલેટ દહેગામ સર્કલ પાસે અમદાવાદ ના ઓ વિરુધ્ધ પુરાવા એકત્રીત કરી મે.પોલીસ કમિશ્નર શ્રી સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાક પીસીબી/ડીટીએન/પાસા/૯૯૮/૧૭ તા.૧૯.૧૨.૧૭ તથા પાસા હુકમ નં.પીસીબી/ડીટીએન/પાસા/૨૦/૧૭ તા.૩.૧.૧૮ થી પાસા હેઠળ અટકાયત કરવાના હુકમો કરેલ આ બંન્ને પાસા હુકમની આજ તા.૯.૧.૧૮ રોજ બજ્વણી કરી અનુક્રમે રાજકોટ જેલ તથા લાજપોર સુરત જેલ ખાતે પાસા અટકાયતીઓને જુરુી જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે તા.૯.૧.૧૮

**<u>મેઘાણીનગર પોલીસ સ્ટેશન :</u>**

આજરોજ અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨, તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૪, તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવઝન તથા પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એ.ડી.ગોહીલ નાઓની સુચનાથી રામેશ્ર્વર પોલીસ ચોકી ના પો.સ.ઇ.એસ.ઓ.ચૌધરી તથા મ.સ.ઇ.દિલીપસિંહ ગંભીરસિંહ બ.નં.૭૧૧૧ તથા પો.કો.શૈલેષકુમાર કીરણભાઇ બ.નં.૧૧૮૦૯ તથા પો.કો.ભરતકુમાર કરશનભાઇ બ.નં.૩૬૫૩ તથા પો.કો.ભગુજી બળવંતજી બ.નં.૬૮૬૨ તથા લોકરક્ષક અરુણસિંહ યશપાલસિંહ બ.નં.૪૨૪૭ નાઓએ પો.કો.ભરતકુમાર કરશનભાઇ તથા પો.કો.શૈલેષકુમાર કીરણભાઇ નાઓની સંયુક્ત બાતમી આધારે ભાર્ગવ રોડ, સાવીત્રીનગર ખાતે રહેતા રવિ ઉર્ફે લલ્લો રાકેશસિંગ ભદોરીયા ઉવ.૨૩ નાઓ પાસેથી પરપ્રાંતીય દારુ રોયલ સીલેક્ટ વ્હિસ્કીની સીલબંધ બોટલ નંગ.૭૬ કિ.રુ.૩૮,૦૦૦/- ની પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. તા.૮.૧.૧૮.

**<u>સરદારનગર પોલીસ સ્ટેશન :</u>**

**(૧)**

<u>ઇગ્લીશ દારુની નાની-મોટી બોટલ નંગ-૪૫૭ કુલ્લે કિ.રૂ.૭૫,૧૨૫/-ના મત્તાનો</u>
<u>ઇગ્લીશ દારુનો જથ્થો પકડી પાડતી સરદારનગર પોલીસ</u>

મ.પો.કમિ. શ્રી 'જી' ડીવીઝન સા. નાઓના માર્ગદર્શન હેઠળ તથા પોલીસ ઇન્સ્પેકટર એન.એન.ચાવડા નાઓની સુચના મુજબ પ્રો.પો.સબ.ઇન્સ. ડી.કે.મોરી તથા સર્વેલન્સ પો.સબ.ઈન્સ. ડી.એમ.એમ.ઠાકોર તથા સ્ટાફના માણસો દ્રારા બાતમી આધારે તા:૦૮/૦૧/૨૦૧૮ ના કલાક ૦૧/૪૦ વાગે અપના ઘર સોસાયટી તથા રાજલક્ષ્મી સોસાયટી વચ્ચેની ગલીમાં રેઇડ કરી અલગ અલગ બ્રાન્ડનો પરપ્રાંતીય ઇગ્લીશ દારુની કાચની <u>બોટલ નંગ-૪૫૭ કુલ્લે કિ.રૂ.૭૫,૧૨૫/-</u>ના મત્તાનો મળી આવતા કબજે લીધેલ છે અને વોન્ટેડ આરોપી નીતિન છારા તથા બીજા અજાણ્યા ઈસમો મળી આવેલ ન હોઇ તેઓની શોધખોળ ચાલુ છે અને તેઓના વિરુધ્ધમાં પ્રોહી એક્ટ કલમ ૬૬બી.૬૫(એ)(ઇ).૧૧૬(૨),૮૧ મુજબ કાયદેસર કરેલ છે.

**(૨)**

મ.પો.કમી શ્રી 'જી' ડીવીજન સાહેબની માર્ગદર્શન મુજબ પો.ઇન્સ.શ્રી.એન.એન.ચાવડા સરદારનગર પો.સ્ટે.નાઓની સુચના મુજબ આજરોજ પો.સ.ઇ. ડૉ.એમ.એમ.ઠાકોર તથા બીજા સ્ટાફના માણસોએ અ.પો.કો.કપીલકુમાર કાંતીભાઇ તથા અ.પો.કો. દક્ષેશકુમાર કાંતીભાઇ નાઓની સંયુકત બાતમી હકિકત આધારે સાલુબેન વા/ઓ રાજકુમાર રામચંદ્ર રાજગીરી (સીંધી) ઉ.વ.૪૫ રહેવાસી:ફલેટ નં.૫.સાંઇ શ્રધ્ધા ફલેટ સાધુ વાસવાણી સ્કુલ પાસે સરદારનગર અમદાવાદ શહેરનાઓના ઘરે જુગાર અંગે રેઇડ કરી સાલુબેન વા/ઓ રાજકુમાર રામચંદ્ર રાજગીરી (સીંધી)+૧૦ =૧૧ નાઓને કુલ્લે કિ.રૂ.૯૦,૪૧૦/- ની મત્તા સાથે પૈસાપાનાથી હારજીતનો જુગાર રમી રમતા મળી આવતા તેઓ તમામ ને આજરોજ તા:૮/૧/૧૭ ના કલાક ૨૦/૧૫ વાગે પકડી અટક કરી તમામ વિરુધ્ધમાં જુગાર ધારા કલમ ૪,૫ મુજબ કાયદેસર કાર્યવાહી સરદારનગર પોલીસ દ્રારા કરવામાં આવેલ છે .

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**